
## ડાયરેક્ટ ❤ સે

કયા સમયે કયો શબ્દ પીરસવો
એ આવડી જાય
તો જિંદગીનું ભોજન
સ્વાદિષ્ટ બની જાય

### જન્મદિને વધામણી



**પાર્થ પટેલ**
મો. ૯૭૨૪૪ ૧૯૨૫૦



**અર્ણવ મેહુલકુમાર કવિ**
મો. ૯૬૨૪૯ ૪૪૮૨૦

## શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટનું સ્નેહમિલન ૬ઠ્ઠી જાન્યુઆરીએ

ગાંધીનગર, તા. ૯

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગરનો સ્નેહમિલન સમારોહ ૬ જાન્યુઆરી ને રવિવારના રોજ યોજવામાં આવ્યો છે.

નાગરાજ પાર્ટી પ્લોટ, કુડાસણ ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાનાં કોર્પોરેટર રીટાબેન કે પટેલના અધ્યક્ષસ્થાને આ સમારોહ યોજવામાં આવ્યો છે. પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને પૂર્વ મેયર પ્રવીણભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામોનું વિતરણ કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સમાજના દરેક સભ્યને પોતાનાં બાળકની માર્કશીટ પહોંચાડવા તથા ભોજન સમારંભના પાસ ૨૦ ડિસેમ્બર સુધીમાં સેક્ટર પ્રતિનિધિ પાસેથી મેળવી લેવા ટ્રસ્ટે અનુરોધ કર્યો છે.

## ૩૧ ડિસેમ્બર પહેલાં તમામ વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવી પડશે

### ત્યારબાદ આરટીઓ કચેરી દ્વારા દંડ કરાશે

ગાંધીનગર, તા. ૯

રાજ્યની જનતા માટે મહત્વના સમાચાર આવી રહ્યા છે. જો તમે તમારા વ્હીકલમાં એચએસઆરપી નંબર પ્લેટ ન લગાવી હોય તો તમારા માટે ૩૧ ડિસેમ્બર છેલ્લી તારીખ છે. કારણ કે ત્યાર બાદ તમારે નંબરપ્લેટ લગાવવા માટે પણ દંડ ચૂકવવો પડશે.

હાલમાં આરટીઓ કચેરી તરફથી નંબર પ્લેટ લગાવવાની ફી નિર્ધારિત કરવામાં આવી છે, જે ચૂકવીને જો તમે ૩૧ ડિસેમ્બર સુધી એચએસઆરપી નંબર પ્લેટ ન લગાવી હોય તો આરટીઓ કચેરીએ તેના માટે દંડની જોગવાઈ કરી છે. આ મુજબ વાહનો ચલાવનારાઓ પાસેથી દંડ વસૂલવામાં આવશે. જો તમે આરટીઓ કચેરી જઈ ન શકતા હોવ તો, અધિકૃત ડીમ્ડ ડીલરને ત્યાંથી પણ નંબર પ્લેટ લગાવી શકાશે.

## જિલ્લા રાજપૂત સમાજનું સ્નેહમિલન ૧૬મીએ રાજપૂત સમાજ ભવન ખાતે

ગાંધીનગર, તા. ૯

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર તથા ગાંધીનગર જિલ્લા રાજપૂત સેવા ટ્રસ્ટ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ તથા લોક ડાયરાનું આયોજન આગામી તા. ૧૬ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં રાજનસિંહ પી ચાવડા અને લાલસિંહ કે વાઘેલાએ જણાવ્યું છે કે આગામી તા. ૧૬ ડિસેમ્બર ને રવિવારના રોજ સાંજે ૫થી ૧૧ કલાક દરમિયાન બા શ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત ભવન, સેક્ટર-૧૨ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત રાત્રે ૮ કલાકથી લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સાહિત્યકાર દેવાયત ખવડ લોકગીતો અને લોક સાહિત્યની લ્હાણ કરાવશે.

આ પ્રસંગે અતિથિ તરીકે રાજ્ય સરકારના મંત્રી જયદ્રથસિંહ પરમાર, ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય ડૉ. સી જે ચાવડા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ગાંધીનગરના અગ્રણી બિલ્ડર અંબુસિંહ ગોલ ઉપસ્થિત રહેશે. સમાજના સૌ પરિવારજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તેમણે નિમંત્રણ પાઠવ્યું છે.

## શ્રી વિશ્વકર્મા સેવા સમાજ-ગાંધીનગર દ્વારા વિદ્યાર્થી ઈનામ વિતરણ સમારોહ યોજાયો




શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ સમારોહનું આયોજન ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

# અમદાવાદમાં ચિત્રલેખા નાટ્યસ્પર્ધાનો આરંભ

ગાંધીનગર, તા. ૯

ભારતીય વિદ્યા ભવનના જે એ ઓડિટોરિયમ, અમદાવાદ ખાતે ચિત્રલેખા નાટ્યસ્પર્ધાના દ્વિતિય ચરણનું ઉદ્‌ઘાટન રવિવારે કરવામાં આવ્યું છે.

આ જાજરમાન સ્પર્ધા પોતાના સાતત્યનું ૧૩મું વરસ ઉજવી રહી છે . નવોદિતોને રંગભૂમિનો અનુભવ મળે અને અનુભવીઓંને પોતાના કૌશલ્ય ને નીખારવાની પુરતી તક મળે, તેમજ નાટયકળાને નવા રસિકો અને શ્રોતાઓં પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુથી ચાલતી આ સ્પર્ધાને પાછલા ૧૨ વર્ષથી અત્યંત સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પ્રસ્તુત સ્પર્ધા થકી ગુજરાત ના અનેક કલાકારો ને મુંબઈની રંગભૂમિ અને ટી.વી સીરીયલ તેમજ ફિલ્મ માં સ્થાન મળ્યું છે એ પણ આ સ્પર્ધા ની મોટી ઉપલબ્ધિ છે.

પ્રસ્તુત સ્પર્ધા ગુજરાતનાં વિવિધ શહેરોમાં રજુ થાય છે અને અંતિમ સ્પર્ધા મુંબઈમાં થાય છે. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર પણ આ સ્પર્ધા માટે પોતાનો સહકાર આપી રહી છે. આ વર્ષે પણ ગુજરાત તેમજ મહારાષ્ટ્ર ના જુદા-જુદા સ્થળોથી સ્પર્ધા માટે ૪૭ આવેદન આવ્યાં છે. તેમાંથી ૨૫ નાટકોની ચિત્રલેખા નાટ્ય સ્પર્ધા માટે પસંદગી થયેલ છે. આ નાટકોનું પ્રસ્તુતિકરણ અમદાવાદ, ભાવનગર અને નવસારીમાં થશે અને અંતિમ સ્પર્ધા મુંબઈ માં થશે.

અમદાવાદ ખાતે અમદાવાદ, ગાંધીનગર, સુરત અને મુંબઈથી પસંદગી પામેલાં કુલ છ નાટકોનો રસથાળ પ્રેક્ષકગણ સમક્ષ પીરસવામાં આવશે. ૮મીએ સાંજે ૮.૪૫ કલાકે શો પીપલ મુંબઈ દ્વારા ભારતીબેન ભૂલા પડ્યા, ૯મીએ અખ્તર સૈયદ ગ્રુપ, ગાંધીનગર દ્વારા ''અમે બરફ ના પંખી'' બાદ ૧૦મીએ પ્રવીણ સોલંકીના વિખ્યાત ૯ નાટકોનાં દ્રશ્યો અને રામાયણ-મહાભારતની ચોટદાર હૃદયસ્પર્શી વાતોની ગીત-સંગીતના સથવારે નાટકની વિશેષ રજૂઆત ૧૧મીએ રાત્રે ૮.૩૦ કલાકે સ્વરમ એન્ટરટઈનમેન્ટ ગૃપ, સુરત દ્વારા ડાર્ક સિક્રેટ, ૧૨મીએ રાત્રે ૮.૩૦ કલાક રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત દ્વારા ઋણાનુંબંધ, અને ૧૩મીએ સાંજે ૪.૦૦ કલાકે વ્હિસલબ્લોઅર ગ્રુપ, અમદાવાદ દ્વારા ''ઉર્ફે આલો'' રજૂ થશે.

### ‘સાધના’ અને મનોદિવ્યાંગ વ્યક્તિઓ માટે ગાંધીનગર જિલ્લામાં કાર્યરત સંસ્થાઓ દ્વારા

# મનોદિવ્યાંગ દિવસની અર્થપૂર્ણ ઉજવણી
























ગાંધીનગર, તા. ૯

મનોદિવ્યાંગ વ્યક્તિઓનાં ક્ષેત્રે કાર્યરત ગાંધીનગરની સંસ્થાઓ દ્વારા સાથે મળીને શનિવારે વિશ્વ મનોદિવ્યાંગની અર્થપૂર્ણ ઉજવણી ગાંધીનગર ખાતે સંપન્ન કરવામાં આવી હતી.

‘સાધના’ પેરેન્ટ્સ એસોસિએશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ, ગાંધીનગર દ્વારા આ ઉજવણીનું બીડું ઉઠાવવામાં આવ્યું હતું અને ઉજવણીમાં સ્મૃતિ વિકાસ શાળા-પ્રાંતિયા, મંધન-હાજીપુર, સ્પેશિયલ ઓલિમ્પિક્સ-ગાંધીનગર, સર્વ શિક્ષા અભિયાન-ગાંધીનગર, હેત ફાઉન્ડેશન-ગાંધીનગર, માનવ આસ્થા-સરઢવ, સમદૃષ્ટિ ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડળ-ગાંધીનગર જિલ્લા શાખા, સદ્‌ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર-ગાંધીનગર, નવજીવન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ-ગાંધીનગર, ગ્રો ફાઉન્ડેશન-ગાંધીનગર, અંબા એન્જલ સ્પેશિયલ સ્કૂલ-અડાલજ, વિશેષ સ્પેશિયલ એજ્યુકેશન સેન્ટર-કુડાસણ, મનવંદના-ગાંધીનગર, અંધજન મંડળ સંચાલિત મહુડી સેન્ટર અને આનંદ ચાઈલ્ડ કાઉન્સેલિંગ સેન્ટર-સરગાસણ સંસ્થાને જોડવામાં આવી હતી. પ્રત્યેક સંસ્થાએ પોતાનો પરિચય અને પ્રવૃત્તિઓની વિગત પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે મફત કાનૂની સલાહ મંડળ, ગાંધીનગરના જયરામ સોની, મધુસૂદન દવે અને દિનેશ દવે ઉપસ્થિત રહ્યા હતા. જેમણે દિવ્યાંગો અંગેની કાનૂની કલમો અંગે વિસ્તારથી માહિતી પૂરી પાડી હતી.

જિલ્લાના ૧૫૦ જેટલા મનોદિવ્યાંગ વ્યક્તિઓ અને તેમના વાલીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. વાલીઓને બાળકોથી થોડો સમય અલગ રાખી તેમનાં પાલ્યોની વિશેષ સંભાળ, તાલીમ માટે માહિતગાર કરવામાં આવ્યા હતા.


કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત સર્વ નેતૃત્વ ગૃપના વિદ્યાર્થીઓએ મનોદિવ્યાંગ બાળકો માટે રમતો, મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરીને કાર્યક્રમમાં ખુશીઓના રંગ ભરી દીધા હતા. એવી સરળતાથી આ વિદ્યાર્થીઓ મનોદિવ્યાંગ બાળકો સાથે ભળી ગયા હતા કે બાળકો એમની સાથે સાવ સ્વાભાવિકતાથી વર્તન કરી શક્યા હતા અને પોતાને ગમતી પ્રવૃત્તિઓ પણ. ગાંધીનગરના સેવાભાવી નાગરિક સંજય થોરાત અને એમની બંને દીકરીઓ - રિદ્ધિ અને અનન્યાનો પણ જન્મદિવસ હોવાથી તેઓ સપરિવાર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને સઘળા મનોદિવ્યાંગ વ્યક્તિઓ સાથે મળીને તેમણે કાર્યક્રમમાં જ કેક કાપીને પોતાના જન્મદિવસની ઉજવણી કરી હતી. બાળકો આ ઉપક્રમથી અને એ પછી થોરાત પરિવાર તરફથી ખાવા મળેલી ભરપેટ કેકથી અત્યંત ખુશખુશાલ થઈ ગયા હતા.

કાર્યક્રમની સફળતા માટે ‘સાધના’ના ગંગારામભાઈ પટેલ, ભાનુભાઈ ચૌહાણ અને પ્રજ્ઞેશભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ સંચાલન જિજ્ઞેશ રાવલ અને વંદના પુરોહિત દ્વારા કરવામાં આવ્યું હતું. બલરામ મંદિર પરિવારે કાર્યક્રમ માટે પોતાનો સહયોગ પૂરોપાડ્યો હતો.

## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૫૦મો મણકો ॥**

એનું કારણ આપતાં તેમણે કહ્યું હતું, ‘ઉનિયા માર્દે જાતિર્જનક.’ એ આપણા દેશના રાષ્ટ્રપિતા છે. પાર્લામેન્ટમાં ઠરાવ થયો એનાં વર્ષો પહેલાં ગાંધીજીને રાષ્ટ્રપિતા કહ્યા હતા સુભાષબાબુએ. આ એમની ગાંધીજી વિશેની ઓળખ હતી.



૧૯૪૬માં લૂઈ ફિશરે પોતાના પુસ્તક ‘અ વીક વીથ ગાંધી’માં લખ્યું છે, તમે ઈંગ્લેન્ડ વિરુદ્ધ હતા ને તમે ફાસીસ્ટ લોકોને ટેકો આપ્યો હતો. સુભાષચંદ્ર ગુજરી ગયા છે એવા છાપામાં સમાચાર આવ્યા પછી તમને જ્યારે ખાતરી તઈ ત્યારે તમે એની માને આશ્વાસનને તાર કર્યો હતો. એ આખા દેશમાં જાહેર થયું હતું. ફાસીસ્ટના મૃત્યુ પછી તમે આશ્વાસનનો તાર કરો તો લોકો એમ જ માને ને ? ત્યારે ગાંધીજીએ કહ્યું હતું, ‘શો મી એ બેટર પેટ્રીયટ ધેન હીમ.’ ‘આનાથી મોટો રાષ્ટ્રભક્ત દેખાડ.’ આ બંનેની એકબીજા વિશેની ઓળખ. મતભેદ હતો, મનભેદ નહીં.

મૂળ રહસ્ય એ કે સૌને પોતાના માન્યા હોય તો પછી પારકું રહે કોણ ?

ઓગષ્ટ મહિનાની ૮મી તારીખની રાત, ૧૯૪૨. મુંબઈના પ્લેઝન્ટ રોડ ઉપર રામેશ્વરદાસ બિરલાનો બંગલો. ગાંધીજી એ ઘરમાં રહ્યા હતા એટલે થોડી ભીડ થઈ ગઈ હતી. ‘મૈંને તો આપ કે ઘર કો ધરમશાલા બના દિયા.’ ‘જો પાપશાલા થી ઉસકો ધરમશાલા બના દિયા તો મેરે પર ઉપકાર કિયા.’

પથારીઓ હતી. મોટું ઘડિયાળ હતું, અડધા અડધા કલાકે જોરજોરથી ડંકા વગાડ્યા કરે. કોણ જાણે સાડા બાર વાગ્યા હશે, એક વાગ્યો હશે કે દોઢ વાગ્યો હશે. એક પથારીમાંથી હું જાગ્યો. જાગીને જોઉં છું તો પાસેની પથારી ખાલી. મારા પિતાજી તે પથારીમાંથી ઊઠ્યા હતા. જરાક સાવધાન થયો તો ખબર પડી કે ઓશીકા પાસે જ કોઈ ગૂસપૂસ ગૂસપૂસ વાત કરે છે. ગાંધીજીના બે પ્રિય સ્વજનો વાત કરતા હતા, એક મહાદેવભાઈ અને બીજા કસ્તૂરબા. કસ્તૂરબા પૂછતા તા હેં મહાદેવ, તમને શું લાગે છે, બાપુને પકડશે કે નહીં. મહાદેવ એનો જવાબ આપતા તા કે આજે બાપુએ ભાષણ કર્યું એ ભાષણ પછી બાપુને છૂટા રાખે એમ લાગતું નથી. પણ બાપુને એમ લાગે છે એમને નહીં પકડે. કારણ કે એમણે કહ્યું હતું કે હું વાઈસરોયને પત્ર લખવાનો છું, પંદર દિવસની મહેતલ આપવાનો છું અને એ જવાબ મળે પછી આંદોલન કરવું કે નહીં એ નક્કી કરીશું. તેથી પંદરેક દિવસનો સમય તો છે. હમણાં નહીં પકડે એમ તેઓ માને છે.

પછી સવારના ચાર વાગ્યા એટલે સૌને રાહત થઈ. કારણ કે સરકાર તો ગાંધીજીને રાત્રે જ પકડતી. હવે તો સવાર થઈ ગઈ હતી. પણ એ ગણતરી ખોટી હતી. પોલીસ વોરંટ લઈને આવી પહોંચી હતી. આ વોરંટ જરા વિચિત્ર હતો. ઈતિહાસમાં આવો વોરંટ નીકળ્યો હશે કે કેમ તે મને ખબર નથી. એમાં જણાવાયું હતું, ‘ગાંધીજી, મીરાંબેન અને મહાદેવભાઈ આ ત્રણ જણને ગિરફતાર કરવામાં આવે છે એટલે એમને અમારા ઓફિસર સાથે જવાનું છે.’ આટલે સુધી તો બરાબર હતું, પણ એમાં એવુંય જણાવાયું હતું કે ‘કસ્તૂરબા અને પ્યારેલાલ એ બે જણને જો આ લોકોની સાથે આવવું હોય તો એ લોકો પણ આ લોકોની સાથે આવી શકે છે, પણ અમે એમને પકડતા નથી.’


બોલો ! કેદીનેય પસંદગીની તક ! આવવું હોય તો આવે, નહીંતર નહીં ! એટલે જ મેં કહ્યું કે ઈતિહાસમાં કદિ આવો વોરંટ નીકળ્યો હશે કે નહીં એની મને ખબર નથી, પણ નીકળ્યો હતો ખરો.

કસ્તૂરબાએ મહાદેવભાઈને પૂછ્યું. મહાદેવભાઈના અનેક ધંધા હતા, એમાંથી એક ધંધો અનુવાદ કરવાનો પણ ખરો. તેમણે અનુવાદ કરીને કસ્તૂરબાને બધું સમજાવ્યું. એટલામાં ગાંધીજી આવ્યા. કસ્તૂરબાએ તેમને પૂછ્યું તો ગાંધીજીએ પણ વોરંટ વિશે જણાવ્યું. કસ્તૂરબાએ કહ્યું, ‘એ તો બધું મને મહાદેવે સમજાવ્યું. પણ હું એ પૂછું છું કે મારે શું કરવાનું છે ?’ બેએક વાર પૂછતાં તો ગાંધીજીએ આ જ જવાબ આપ્યો. પછી કસ્તૂરબાની મૂંઝવણ સમજતાં કહ્યું, ‘જુઓ. આનો અર્થ એમ થાય છે કે જો તમે મારી સાથે જેલમાં આવો તો જેલમાં આવી શકાય. તમે બહાર રહો તો તમે બહાર રહી શકો. સંભવ છે કે તમે બહાર રહો તો ફરી પકડાઈ શકો અને એમ થાય તો તમારે બીજી જેલમાં જવું પડે. અત્યારે સાથે આવો તો આપણે સાથે રહી શકીએ ને પછી પકડાઓ તો જુદા થઈએ એવો પણ આનો મતલબ થાય.’

આ વાતનો બીજો પણ એક અર્થ હતો. એ અર્થ ગાંધીજીએ નહોતો કર્યો પણ કસ્તૂરબાના મનમાં એ અર્થ હતો. ત્રણ મહિનાથી ગાંધીજી કહેતા હતા કે આ મારી છેલ્લી જેલ. જો આંદોલન શોર્ટ અને સ્વીફ્ટ હોય તો મારું શું કામ ? તો હું જેલમાં જતાં જ આમરણ અનશન કરું. વચ્ચે તો એમ પણ કહેતાં કે પાણીનો પણ ત્યાગ કરું. આ વાતનો મહાદેવભાઈએ બહુ વિરોધ કર્યો હતો, આમરણાંત અનશન તો થાય જ નહીં. પણ ગાંધીજીને સમજાવવા અઘરા હતા, તેમણે કહ્યું હતું એટલે તેઓ આમરણ અનશન કરશે એ વાત નિશ્ચિત હતી અને એટલે જ આ વખતે છૂટા થવું એનો અર્થ જીવ્યા મળ્યાના જુહાર હતો એમ કસ્તૂરબા બરાબર સમજતા હતા.

પણ ગાંધીજી એમ કહેતા હતા કે ‘તમારે મારી સાથે રહેવું હશે તો મને જરાય ખોટું નહીં લાગે હોં. તમે મારી સાથે રહેશો તો મને ગમશે. પણ તમારે રહેવું હોય તો રહો. તમારે જવું હોય તો જાઓ. નિર્ણય તમારે કરવાનો છે.’

‘પણ તમારી ઈચ્છા શું છે એ તમે કહો ને ફોડ પાડીને’ કસ્તૂરબાએ કહ્યું. (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક ‘ગાંધીકથા’**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**